સંયતાત્મા શ્રયે શુદ્ધોપયોગં પિતરં નિજમ્
ધૃતિમમ્બાં ચ પિતરૌ તન્માં વિસૃજતં ધ્રુવમ્ ॥૮-૧॥

**શબ્દાર્થ:** નિજં = પોતાના, પિતરં = પિતાનો
યોગં = શુદ્ધ ઉપયોગરૂપ,
ધૃતિં = આત્મરતિરૂપ, અમ્બાં = માતાનો, શ્રયે = આશ્રય
ધ્રુવં = અવશ્ય,
કરું છું, પિતરૌ = હે માતા પિતા, મા = મને,
વિસૃજતં = છોડો

**શ્લોકાર્થ:**
સંયમને અભિમુખ થયેલા આત્માએ શુદ્ધ-ઉપયોગરૂપ પિતાનો અને આત્મરતિરૂપ (સ્વભાવદશામાં સ્થિર થયેલા) માતાનો આશ્રય કરું છું. હે માતા-પિતા! મને અવશ્ય છોડો.

**ભાવાર્થ:**
જો આત્મા સંયમ લેવા માટે (દીક્ષા લેવા માટે) સન્મુખ થયો છે તેને સમજાયું છે કે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય અને ઉપયોગ વગેરે જે આત્માના ગુણો છે તે જ મારું સાચું સ્વરૂપ છે. તે જ મારું કુટુંબ છે.
લૌકિક (સંસારી) માતા-પિતા વગેરે સંસારી કુટુંબ તો આ ભવ પૂરતું જ છે અને તે પણ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું છે, માટે ઔદયિકભાવ છે. પરંતુ મોહ-તેનુ ત્યાગથી છોડવા જેવું છે. જ્યારે લોકોત્તર માતા-પિતા સદાકાળ રહેનાર છે. પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે. માટે તેનુ મેળવવા

કુટુંબનો ત્યાગ કરવો એ જ મારું કર્તવ્ય છે. તેથી સંયમ લેવા વખતે આત્મા "શુદ્ધોપયોગ" સ્વરૂપ પોતાના પિતાનો અને "ધૃતિ" સ્વરૂપ માતાનો આશ્રય સ્વીકારે છે.

મોહરહિત જ્ઞાનપર્યાયમાં આત્માનું વર્તવું તે શુદ્ધોપયોગ કહેવાય છે, અને આત્મભાવમાં જ પ્રીતિ-તન્મયતા એ ધૃતિ કહેવાય છે. ઉપયોગ શબ્દ પુલિંગ હોવાથી પિતા છે અને 'ધૃતિ' શબ્દ સ્ત્રીલિંગ હોવાથી માતા છે. રાગ-દ્વેષ રહિત એવા આત્માએ શુદ્ધ એવા આત્મતત્ત્વના જ્ઞાનરૂપ પિતાનો અને તેમાં જ સ્થિરતા કરવા સ્વરૂપ પોતાની માતાનો આશ્રય કરવો જોઈએ.

* પૂજ્ય ઉદયરત્નજી મ.સા. એક સજ્ઝાયમાં કહે છે:-

કોના છોરું કોના વાછરું, કોના માય ને બાપ
અંતકાળે જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ

જ્યારે આ જીવને આત્મદશાનું ભાન થાય છે ત્યારે મોહનો ત્યાગ કરવાના હેતુથી આ જીવ લૌકિક માતા-પિતાનો ત્યાગ કરીને ગુણાત્મક માતા-પિતાનો આશ્રય કરે છે. તેથી લૌકિક માતા-પિતાને કહે છે કે હે માતા-પિતા! તમે મારો ત્યાગ કરો. એટલે તમે મારો મોહ છોડી મને સંયમ સ્વીકારવાની સંમતિ આપો. મેં તમારી કુક્ષિમાં જન્મ લીધો એટલે તમે મારા માતા-પિતા કહેવાયા પરંતુ નિશ્ચયનયથી હું આપનો પુત્ર નથી અને તમે મારા માતા-પિતા પણ નથી. આ તો એક ભવની સગાઈ છે.

આ જીવે ભૂતકાળમાં સર્વ જીવોની સાથે માતા-પિતાના સંબંધો કરેલા છે.

ન સા જાઈ ન સા જોણી, ન તં ઠાણં ન તં કુલં
ન જાયા ન મૂઆ, જત્થ જીવા અણંતસો.

એવી કોઈ જાતિ (જાઈ) નથી, એવી કોઈ યોનિ (જોણી) નથી, એવું કોઈ સ્થાન (ઠાણં) નથી અને એવું કોઈ કુળ નથી જ્યાં આ જીવ અનંતીવાર જન્મ્યો ન હોય અને મૃત્યુ પામ્યો ન હોય.

યુષ્માકં સંગમોઽનાદિ - બન્ધવોઽનિયતાત્મનામ્
ધ્રુવૈકરૂપાન્ શીલાદિબન્ધૂનિત્યધુના શ્રયે ॥૯-૨॥

**શબ્દાર્થ:**
બન્ધવઃ = હે બન્ધુઓ, અનિયતાત્મનામ્ = અનિશ્ચિત આત્મપર્યાય જેનો છે એવા, યુષ્માકં = તમારો, સંગમ = મેળાપ, અનાદિઃ = અનાદિ છે, ઇતિ = એ હેતુથી, ધ્રુવૈકરૂપાન્ = નિશ્ચિત એક સ્વરૂપવાળા, શીલાદિબન્ધૂન્ = શીલ વગેરે બન્ધુઓનો, અધુના = હવે, શ્રયે = આશ્રય કરું છું.

**શ્લોકાર્થ:**
હે બંધુઓ! અનિશ્ચિત આત્મપર્યાયવાળા એવા તમારો સંબંધ અનાદિનો છે. માટે નિશ્ચિત એક ગુણાત્મક સ્વરૂપવાળા શીલાદિ (શીલ, સત્ય, શમ, દમ, સંતોષ આદિ) બન્ધુઓનો હું આશ્રય કરું છું.

**ભાવાર્થ:**
હે બંધુઓ! તમારો સંબંધ અનાદિ કાળનો છે. સાંસારિક સંબંધ છે. ભોગોમાં અને મોહનો વધારનારો સંબંધ છે. તેમાં હિ પાપોનો આશ્રય જ હોય છે. માટે આ સંબંધ છોડવા જેવો છે. વળી તમારો સંબંધ અનિયત છે અને અનિશ્ચિત છે. સદાકાળ એક સ્વરૂપવાળો નહિ. કારણકે આજ જે મિત્ર હોય છે તે જ સ્વાર્થ સિદ્ધ ન થતાં કાલાન્તરે શત્રુ થાય છે અને શત્રુ હોય છે તે સ્વાર્થ સિદ્ધ થતાં મિત્ર થાય છે. આવા સંબંધનું શું કહેવું? માટે હું આવા ક્ષણભંગુર, વિનાશી તથા માત્ર સ્વાર્થ પુરતા ~~અને~~ સંબંધોનો ત્યાગ કરું છું.

વિવેકી ધ્રુવ સ્વરૂપવાળા, નિશ્ચલ સ્વરૂપવાળા, સદાકાળ એકરૂપ જ રહેનારા એવા શીલ, સત્ય, શમ, દમ અને સંતોષ વગેરે ગુણો સ્વરૂપ જે બંધુઓ છે તેમનો જ આશ્રય કરું છું. કારણકે તેઓ સદાકાળ આત્માનું હિત જ કરનારા છે, કલ્યાણકારક છે અને સ્વભાવદશા રાખી કર્મબંધ કરાવનાર નથી.

આત્માના શીલ-- સત્ય ગુણો સાથે બંધુભાવ કેળવ્યા વિના બાહ્ય જગતનો ત્યાગ થઈ શકતો નથી. બાહ્ય જગતનો ત્યાગ કરવો એટલે હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, પરિગ્રહ, કષાયો (ક્રોધ, માન, માયા, લોભ વગેરે) વગેરે દોષોનો ત્યાગ કરવો. તે માટે અહિંસા, સત્ય, અચૌર્ય, શીલ, નિષ્પરિગ્રહતા, ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા વગેરે ગુણોનો સ્વીકાર કરવો પડે છે. તેને સ્થિર કરવા પડે. તેનો જ આશ્રય લેવો ભજન ભજવું પડશે.

ત્યાગ અષ્ટક - ૯ શ્લોક - 3

કાન્તા મે સમતૈવૈકા, જ્ઞાતયો મે સમક્રિયા:
બાહ્યવર્ગમિતિ ત્યક્ત્વા, ધર્મસંન્યાસવાન્ ભવેત્ [૯-3]

શબ્દાર્થ:
મે = મારે, સમતા = સમભાવ, એવ = જ, એકા = એક,
કાન્તા = પત્ની, જ્ઞાતય: = સગાવહાલાં, સમક્રિયા: =
સમાન આચારવાળા સાધુઓ, ઇતિ = એ પ્રમાણે, બાહ્યવર્ગં =
બાહ્યવર્ગને, ત્યક્ત્વા = છોડીને, ધર્મસંન્યાસવાન્ = ધર્મ-
સંન્યાસવાળો, ભવેત્ = થાય.

શ્લોકાર્થ:
સમતા એ જ એક મારી પત્ની છે, અને સમાન ક્રિયાવાળા
સાધુપુરુષો એ જ મારા જ્ઞાતિજનો - સગાવહાલા છે.
એ પ્રમાણે બાહ્ય વર્ગને છોડીને ધર્મ સંન્યાસવાળો થાય.
(હું ગૃહસ્થધર્મના ત્યાગવાળો બનું)

ભાવાર્થ:
જ્યારે આ જીવને તત્ત્વનું ભાન થાય છે ત્યારે જ સમજાય છે
કે આ સાંસારિક સગપણો એક ભવ પૂરતાં જ છે. સર્વે જીવો
મૃત્યુ બાદ ભિન્ન ભિન્ન સ્થાને જાય છે. નવા નવા જીવોની
સાથે સાંસારિક સંબંધો થાય છે અને નાશ પામે છે. એક પણ
સંબંધ કાયમી નથી. એક ભવમાં પણ આ સંબંધ બદલાતા રહે
છે, અનિયત છે, મોહજન્ય છે, કર્મના ઉદયથી જ રચાયેલ છે.
વિયોગકાલે દુ:ખ જ આપનારા છે. તેથી તત્ત્વજ્ઞાની આત્મા
બાહ્યસંબંધોનો ત્યાગ કરીને અભ્યંતરસંબંધ કરવામાં પ્રીતિ
કરે છે.
શારીરિક ભોગ સૌખ્યને બદલે પોતાના સ્વરૂપના ભોગનેસૌખ્ય

જે કોઈ સદા સાથે રહેનારી પત્ની હોય તો તે સમતા નામની પત્ની છે. આ રીતે સાધક આત્માને 'સમતા' એ જ પત્ની અને પોતાની સમાન સાધનાની ક્રિયા કરનારા સંત પુરુષો એ જ જ્ઞાતિજનો - સ્વજનો છે. આમ આભ્યંતર દૃષ્ટિ ખીલે ત્યારે આ જીવ ગૃહસ્થધર્મનો આદરેલો કે સાંસારિક સગાંઓનો ત્યાગવાળો બને છે.

માતા-પિતા-પતિ-પત્ની-પુત્ર-મિત્ર વગેરે સાંસારિક સ્વજનોની પ્રીતિ મોહનીયકર્મ અને નામકર્મના ઉદયથી થયેલ છે માટે ઔદયિકભાવની સંપત્તિ કહેવાય છે. પરંતુ તે બાહ્યસંપત્તિ છે, મોહવર્ધક છે અને રાગ-દ્વેષની નિમિત્તરૂપ છે. આવા પ્રકારની ઔદયિકભાવની સંપત્તિનો ત્યાગ કરીને જીવ જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મોના ક્ષયોપશમથી મળનારી જ્ઞાન-દર્શન-સમ્યક્ત્વ-ચારિત્ર-સમતા-સત્ય-શમ-વીર્ય વગેરે આત્માની ગુણાત્મક સંપત્તિનો આશ્રય કરે છે. આ ક્ષાયોપશમિકભાવની સંપત્તિ આગળ આગળ કાલાન્તરે આવનારી ક્ષાયિકભાવની સંપત્તિના સાધનભૂત છે. જ્યારે ક્ષાયિકભાવની સંપત્તિ આવવાનો કાળ આવે ત્યારે ક્ષાયોપશમિક ભાવની પ્રાપ્ત કરેલી આ ગુણાત્મક સંપત્તિ પણ ત્યજવા લાયક છે. તથા જ્યારે સાધનાનો કાળ ચાલે છે ત્યારે ઔદયિકભાવની સંપત્તિનો ત્યાગ કરીને ક્ષાયોપશમિક ભાવની સંપત્તિનો તત્ત્વજ્ઞાની આત્મા આશ્રય કરે છે. જ્યારે આત્માને સમજાય છે કે બાહ્યવર્ગ મોહવર્ધક છે, અને ગુણાત્મક આભ્યંતર વર્ગ મોહનો ક્ષયોપશમ કરનાર છે ત્યારે સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શન વડે સમ્યક્ચારિત્ર ધર્મની સાધના કરવા સ્વરૂપ આત્મધર્મમાં પરિણામ પામતો આ જીવ કર્મનો ક્ષય કરીને મોક્ષદશાનો સાધક બને છે.

ત્યાગ અષ્ટક-૮ શ્લોક-૪

ધર્મા ત્યાજ્યાઃ સુસંગોત્થાઃ ક્ષાયોપશમિકા અપિ
પ્રાપ્ય ચન્દનગન્ધાભં ધર્મસંન્યાસમુત્તમમ્ (૮-૪)

શબ્દાર્થ:
ચન્દનગન્ધાભં = ચંદનના ગંધ સમાન, ઉત્તમં = શ્રેષ્ઠ, ધર્મસંન્યાસં = ધર્મ સંન્યાસને, પ્રાપ્ય = પ્રાપ્ત કરીને, ક્ષાયોપશમિકાઃ = સુસંગોત્થાઃ = સત્સંગથી ઉત્પન્ન થયેલા, ક્ષાયોપશમથી પ્રાપ્ત થયેલા, અપિ = પણ, ધર્માઃ = ધર્મો, ત્યાજ્યાઃ = ત્યજવા લાયક છે.

શ્લોકાર્થ:
ચંદનની ગંધસમાન શ્રેષ્ઠ ધર્મસંન્યાસ પ્રાપ્ત કરીને, સત્સંગથી ઉત્પન્ન થયેલા અને ક્ષાયોપશમથી પ્રાપ્ત થયેલા ધર્મો પણ ત્યજવા (છોડવા) લાયક છે.

ભાવાર્થ:
ઔદયિકભાવની સંપત્તિ કર્મોદયજન્ય હોવાથી બાધક છે, મોહ કરાવનારી છે. આ સંપત્તિમાં મૂઢ થયેલ આત્મા બહિરાત્મા કહેવાય છે. તેમાંથી બહાર આવવા માટે જ્ઞાનીઓએ ક્ષાયોપશમથી પ્રાપ્ત થયેલી ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ ગુણોની સંપત્તિ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવામાં સાધનભૂત છે. માટે પ્રારંભમાં તે પ્રાપ્ત કરવા જેવી છે. આ ક્ષાયોપશમિકભાવના ગુણોની સંપત્તિને મેળવતો આત્મા સાધકદશાવાળો હોવાથી અંતરાત્મા કહેવાય છે અને તે ૪ થી ૧૨ ગુણસ્થાનવર્તી હોય છે.

ક્ષાયોપશમિક ધર્મો પણ ત્યાં સુધી જ જરૂરી છે કે જ્યાં સુધી ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ નથી થઈ. ક્ષાયિક ગુણો એ આત્માનું મૂળ સ્વરૂપ છે. એ પ્રગટ થયા પછી ક્ષાયોપશમિક ગુણોની શી જરૂર છે? માળ પર પહોંચ્યા પછી નિસરણીની શી જરૂર?

ઔદયિક ભાવના ભોંયતળિયાથી (Ground floor) ક્ષાયિક
ભાવના માળ પર પહોંચવા માટે ક્ષાયોપશમિક ભાવો નિસરણી
જેવા છે.
કુવામાં પડી ગયેલા માણસને બહાર આવવા માટે ત્યાં લટકાવેલી
સાંકળ આલંબન રૂપ છે. તેને પકડીને જ બહાર અવાય છે.
તો પણ કુવાની બહાર આવ્યા પછી તે સાંકળ છોડવા યોગ્ય જ છે.
દુર્ગુણોની જ બહુલતા જ્યારે હોય છે ત્યારે તે દુર્ગુણોને દૂર કરવા
માટે અપૂર્ણ ગુણો પણ પ્રાપ્ય બને છે., પરંતુ પરિપૂર્ણ ગુણોની
પ્રાપ્તિકાલે અપૂર્ણગુણો ત્યાજ્ય બને છે. માટે ઉત્તમ યોગી
ધર્મસંન્યાસયોગ નામનો (ક્ષાયોપશમિક ભાવના ધર્મોનો પણ
ક્ષપકશ્રેણીગત અવસ્થા પામીને) ત્યાં ક્ષમા,
ત્યાગ કરવાવાળો
માર્દવ, આર્જવ, સંતોષ વગેરે આત્માના ગુણો હોવા છતાં પણ તે
કર્મના ઉદયની સાથે સંબંધવાળા છે માટે
ક્ષાયોપશમભાવના છે. કર્મોના ઉદયની કે કર્મોના સંબંધની
ત્યાજ્ય છે. (છોડવા યોગ્ય છે.). કર્મોના ઉદયની
જરા છાંટ (even a drop) પણ જેમાં નથી એવો આ ધર્મસંન્યાસયોગ છે.
તેને મેળવીને ક્ષાયિક ભાવના ગુણો પ્રાપ્ત કરીને ક્ષાયોપશમિક
ભાવના ધર્મો પણ ત્યાજ્ય બને છે.
ધર્મસંન્યાસયોગ ચંદનની સુગંધ જેવો છે. તલના તેલમાં કે બીજા
કોઈપણ પ્રકારના તેલમાં ઉકાળવાથી જે સુગંધ આવે છે તે "સંગસંભવિત"
છે. એટલે કે ગુલાબ, મોગરો, જાઈ વગેરે પુષ્પોના સંગના નિમિત્તે ઉત્પન્ન
છે. તેલ પોતે સ્વયં સુગંધી નથી, પરદ્રવ્યના મિશ્રણથી
થયેલી સુગંધ છે. તેલ પોતે સ્વયં સુગંધી નથી, પરદ્રવ્યના મિશ્રણથી
સુગંધ આવેલી છે. જ્યારે ચંદનમાં જે સુગંધ છે તે સહજસ્વરૂપે છે.
પોતાની જ સ્વયં સુગંધ છે. ચંદનના કાષ્ઠમાં તાદાત્મ્યપણે —
અભેદભાવે રહેલી એટલે કે સ્વાભાવિકપણે જ ઉત્પન્ન થયેલી આ સુગંધ છે.
એવી જ રીતે ક્ષાયિકભાવની પ્રગટ થયેલી અભેદરૂપે જે
રત્નત્રયી છે તે આત્મામાં રહેલો પોતાનો સહજ ધર્મપરિણામ છે.
કારણ કે કેવલજ્ઞાનાદિ ક્ષાયિકભાવના ગુણો એ તો આત્માનું પોતાનું
સહજ સ્વરૂપ છે.

ગુરુત્વં સ્વસ્ય નોદેતિ શિક્ષાસાત્મ્યેન યાવતા ।
આત્મતત્ત્વપ્રકાશેન તાવત્ સેવ્યો ગુરૂત્તમઃ ॥ ૮-૫

શબ્દાર્થ:
યાવતા = જ્યાં સુધી, શિક્ષાસાત્મ્યેન = શિક્ષાના સમ્યક્ પરિણામથી,
આત્મતત્ત્વપ્રકાશેન = આત્મસ્વરૂપના બોધ વડે, સ્વસ્ય = પોતાનું,
ગુરુત્વં = ગુરુપણું, નોદેતિ = ન + ઉદેતિ = ન પ્રગટ થાય,
તાવત્ = ત્યાં સુધી, ગુરૂત્તમઃ = ઉત્તમ ગુરુ, સેવ્યઃ = સેવવા યોગ્ય છે.

શ્લોકાર્થ:
જ્યાં સુધી શિક્ષાના સમ્યક્ પરિણામથી આત્મસ્વરૂપના બોધ વડે પોતાનું ગુરુપણું પ્રગટ ન થાય ત્યાં સુધી ઉત્તમ ગુરુ સેવવા યોગ્ય છે.

ભાવાર્થ:
આ શ્લોકમાં એ વાત સમજાવી છે કે સદ્ગુરુ ક્યાં સુધી સાધકના જીવનમાં રાખવા જોઈએ અને ક્યારે ગુરુનો ત્યાગ કરવો.
ગુરુ-મહારાજ પાસેથી બે પ્રકારની શિક્ષા મળે છે.
(૧) ગ્રહણ શિક્ષા અને (૨) આસેવન શિક્ષા.
ગુરૂ પાસેથી પાંચ મહાવ્રતોનું સૂક્ષ્મ સ્વરૂપ, દસ પ્રકારના યતિ ધર્મો તેમજ ષટ્કાયના જીવોનું સૂક્ષ્મસ્વરૂપ વગેરેનું શિક્ષણ મળે તે ગ્રહણ શિક્ષા.
ગ્રહણ શિક્ષા લીધા પછી તે મુજબ જીવનમાં તેનું પાલન કરવું, જીવનમાં એટલે આચરણમાં ઉતારવું તે આસેવન શિક્ષા છે.
આસેવન શિક્ષા મહત્વની. ગુરુના અનુગ્રહ (કૃપા) વગર આસેવન શિક્ષા ઝીલી શકાતી નથી.

પોતે જ પોતાને શુદ્ધ ધર્મ સમજાવી શકે અને
શુદ્ધ ધર્મમાં આત્માને સ્થિર રાખે તેવો બનતો નથી
ત્યાં સુધી ગુરુ નિશ્રાનો ત્યાગ ન કરાય.
પોતાનું શ્રદ્ધાબળ, જ્ઞાનબળ અને ચારિત્રબળ
પરિપક્વ ન બન્યું હોય, તો મોહના ઉદયની સામે
પોતે જ પોતાના આત્માને શિક્ષા-દાન ન આપી શકે.
તેથી જ્યાં સુધી પોતે જ પોતાના આત્માને માર્ગમાં સ્થિર
રાખે તેવો ન થયો હોય ત્યાં સુધી ગુરુની નિશ્રા ત્યજવી
(છોડવી) નહિ. અર્થાત્ જ્યારે સ્વયં સમર્થ થાય ત્યારે
ગુરુની નિશ્રા સંભાળવી નથી. કારણ કે ગુરુની નિશ્રા
એ પરનિમિત્ત છે. પ્રારંભમાં ઉપકારી છે પણ સ્વયં
સમર્થ થયા પછી તો અનાવશ્યક છે.
ટૂંકમાં ક્ષાયિકભાવ ન આવે અને ક્ષાયોપશમભાવ
હોય ત્યાં સુધી ગુરુની નિશ્રા સેવવી જોઈએ.
કારણ કે ક્ષાયોપશમભાવ કર્મના ઉદયયુક્ત છે.
ને નિર્ભય અવસ્થા નથી, તેમાં આત્માનું પતન
થવાનો ભય છે.
તેથી આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય ત્યાં સુધી
ગુરુનિશ્રા અવશ્ય આદરણીય છે.

ત્યાગ અષ્ટક - ૮ શ્લોક - ૭

જ્ઞાનાચારાદયોઽપીષ્ટાઃ શુદ્ધસ્વસ્વપદાવધિ
નિર્વિકલ્પે પુનસ્ત્યાગે ન વિકલ્પો ન વા ક્રિયા [૮-૭]

શબ્દાર્થ:
જ્ઞાનાચારાદયઃ = જ્ઞાનાચાર વગેરે આચારો, અપિ = પણ,
શુદ્ધસ્વસ્વપદાવધિ = શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી,
ઈષ્ટાઃ = ઈષ્ટ છે, પુનઃ = પણ, નિર્વિકલ્પે = વિકલ્પ રહિત,
ત્યાગે = ત્યાગની અવસ્થામાં, ન વિકલ્પઃ = વિકલ્પ નહીં, વા = અને,
ન ક્રિયા = ક્રિયા પણ નહીં.

શ્લોકાર્થ
જ્ઞાનાચાર વગેરે આચારો પણ શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી ઈષ્ટ છે. પણ વિકલ્પરહિત ત્યાગની અવસ્થામાં વિકલ્પ નહિ અને ક્રિયા પણ નહીં.

ભાવાર્થ:
સદ્ગુરુ પાસેથી 'ગ્રહણ' અને 'આસેવન' શિક્ષા લેતાં શુદ્ધ સંકલ્પપૂર્વક જ્ઞાનાચાર વગેરે આચારોનું પાલન કરવાનું હોય છે. ગુણોની વૃદ્ધિ માટે જે આચરણ કરાય તેને આચાર કહેવાય છે.

જ્ઞાનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર - તપાચાર અને વીર્યાચાર અને તેના ઉત્તરભેદો અનુક્રમે
૮ + ૮ + ૮ + ૧૨ + ૩ = ૩૯ છે.

યોગ્ય કાળે ભણવું, વિનયપૂર્વક ભણવું, બહુમાનપૂર્વક ભણવું, ગુરુનામ ભણવું, ઉપધાન વગેરે તપ કરવા પૂર્વક ભણવું, વ્યંજનો (ઉચ્ચારો) સ્પષ્ટ બોલવા, વગેરે ગોપવ્યા વિના ભણવું, અર્થ વિચારવા અને ઉભયમાં ચિત્ત સ્થિર કરવું. આ આઠ પ્રકારનો **જ્ઞાનાચાર** છે.

જિનવાણીમાં શંકા ન કરવી, અન્યમત (ધર્મ)ની વાંછા ન કરવી, સાધુ-સાધ્વી ઉપર ઘૃણા ન કરવી, અમૂઢ દૃષ્ટિવાળા બનવું, ગુણીના ગુણોની પ્રશંસા કરવી, અન્યને સ્થિર કરવા, વાત્સલ્યભાવ રાખવો અને જૈનશાસનની પ્રભાવના કરવી. આ આઠ દર્શનાચારના પ્રકાર છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવી તે ચારિત્રાચાર છે.
૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ ૧૨ પ્રકારનો તપ, તપાચાર છે.
વીર્યને ગોપવવું નહીં, ધર્મ અનુષ્ઠાનોમાં પ્રયત્નશીલ બનવું, ઉચિત સ્થાને યોગ્ય આદરભાવ સાથે વિધિ સાચવવી. આ ત્રણ વીર્યાચાર છે.

મોહનીય અને જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમ ભાવવાળી શુભ એવી ઉપયોગદશા હોય અને વિકલ્પોવાળી અવસ્થા હોય ત્યાં સુધી જ ઉપરના આચારો પાળવા જરૂરી છે.
ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યાં સુધી દર્શનાચાર,
ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી જ્ઞાનાચાર,
સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી ચારિત્રાચાર, તથા
ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી જ તપાચાર અને વીર્યાચારનું પાલન જરૂર માન્યું છે. ત્યારબાદ તે તે કર્મોનો ક્ષાયિકભાવ પ્રાપ્ત થયેલ હોવાથી અતિચારનો (દોષોનો) સંભવ જ નથી.

સાર એ છે કે પાલન જ્ઞાનાચાર વગેરે આચારોનું કરવાનું અને લક્ષ્ય એના અંતિમ શુદ્ધ પદનું રાખવાનું. પરંતુ જ્યારે નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે નહિ રહેતો સંકલ્પ કે નહિ રહેતી તપશ્ચરણ ક્રિયા. એ અવસ્થાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આચારોનું આલંબન જરૂરી છે.

યોગસંન્યાસતસ્ત્યાગી, યોગાનપ્યખિલાંસ્ત્યજેત્
ઈત્યેવં નિર્ગુણં બ્રહ્મ, પરોક્તમુપપદ્યતે

૮-૧

<u>શબ્દાર્થ:</u>

યોગસન્યાસત: = યોગનો રોધ કરવાથી, ત્યાગી = ત્યાગી થયેલો, અખિલાન્ = બધા, યોગાન્ = યોગોનો, અપિ = પણ, ત્યજેત = ત્યાગ કરે, ઈતિ = એમ, એવં = એ રીતે, પરોક્તં = બીજાએ કહેલ, નિર્ગુણં = ગુણ રહિત, બ્રહ્મ = આત્મસ્વરૂપ, ઉપપદ્યતે = ઘટે છે.

<u>શ્લોકાર્થ:</u>

યોગનો રોધ કરવાથી ત્યાગી થયેલો બધા યોગોનો પણ ત્યાગ કરે. એમ બીજા દર્શનવાળાએ કહેલ 'નિર્ગુણ બ્રહ્મ' ઘટે છે. અથવા ત્યાગી મહાત્મા યોગસન્યાસ નામના સામર્થ્ય યોગથી સર્વ યોગોનો પણ ત્યાગ કરે છે. આમ કરવાથી આ સાધક આત્મા નિર્ગુણ બને છે.

<u>ભાવાર્થ:</u> આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ કહેવાય છે. ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્ય યોગ એમ ત્રણ પ્રકારના યોગ છે.

સામર્થ્ય યોગના બે ભેદ છે. (૧) ધર્મસન્યાસ યોગ અને (૨) 'યોગ સન્યાસ' યોગ

(૧) <u>ધર્મસન્યાસયોગ:</u> ક્ષપકશ્રેણીમાં આઠથી બારમા ગુણઠાણા સુધી ~~આ~~ જીવમાં એવું સામર્થ્ય પ્રગટ છે કે ક્ષાયોપશમિકભાવના ક્ષમા, માર્દવ- આર્જવ- સંતોષ વગેરે ધર્મોનો પણ આ જીવ ત્યાગ કરે છે, અને ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત કરે છે.

(૨) <u>યોગ સંન્યાસ:</u> આત્મા આરોહણ કરે છે, ત્યારે ચૌદમા ગુણસ્થાનકે 'યોગનિરોધ' કરવા દ્વારા સર્વ યોગોનો ત્યાગ કરે છે. મન વચન અને કાયાના યોગોનો નિરોધ (અટકાવે) કરે છે.

ત્યાગ અષ્ટક - ૬ શ્લોક - ૭

આ સર્વ યોગોના ત્યાગને 'યોગસંન્યાસ' કહે છે.
આ 'યોગસંન્યાસ' આયોજ્યકરણ કર્યા બાદ કરવામાં આવે છે.

સયોગી કેવળી સમુદ્ઘાત કરતા પહેલા આયોજ્યકરણનો આરંભ કરે છે. કેવળજ્ઞાન વડે અચિન્ત્ય વીર્યશક્તિથી અઘાતી કર્મોને તેવા પ્રકારની સ્થિતિમાં લાવીને ક્ષય કરવાની ક્રિયા આયોજ્યકરણ કહેવાય છે.

કાયાદિ યોગોનો ત્યાગ કરે છે અને મેરૂપર્વતની જેમ શૈલેશી અવસ્થામાં યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ પ્રગટે છે. આ સામર્થ્ય યોગ ૧૩ મા ગુણસ્થાનના અંતે આવે છે.

શંકા: શ્લોકમાં કહેલા "નિર્ગુણ બ્રહ્મ" એટલે શું ?

સમાધાન: નિર્ગુણ એટલે જેનાથી કર્મોનો બંધ થાય છે તેવા બંધના હેતુભૂત એવા યોગાદિ ગુણોનો અભાવ. અર્થાત્ સત્વ, રજસ, અને તમો નામના જે પ્રકૃતિના ગુણો છે, બાધક ગુણો છે તેવા ગુણો રહિતનો "બ્રહ્મ". બાકી આત્મામાંથી તેના સ્વાભાવિક - ક્ષાયિક ગુણો ક્યારેય જાય નહિ. જો તે પણ જતા હોય તો ગુણના અભાવમાં ગુણીનો પણ અભાવ થઈ જાય પણ તેમ નથી.

ટૂંકમાં ઔદયિક અને ક્ષાયોપશમિક ગુણોનો જ્યારે ચાલ્યા જાય છે ત્યારે આત્મા તે ગુણોથી રહિત બને છે ત્યારે નિર્ગુણ કહેવાય છે. આ રીતે અન્ય દર્શનકારોની નિર્ગુણ બ્રહ્મની કલ્પના સમજાવી છે. પરંતુ આત્મામાં ક્ષાયિક ગુણો રહેલા હોવાથી તે સગુણ પણ છે.

આપણે વર્તમાનમાં ઔદયિક ભાવોના ત્યાગનો પુરુષાર્થ કરવાનો છે.

વસ્તુતસ્તુ ગુણૈઃ પૂર્ણમનન્તૈર્ભાસતે સ્વતઃ ।
રૂપં ત્યક્તાત્મનઃ સાધોર્નિરભ્રસ્ય વિધોરિવ ॥ [૯-૯]

શબ્દાર્થ:
નિરભ્રસ્ય = વાદળા રહિત, વિધોઃ = ચંદ્રની, ઇવ = જેમ, ત્યક્તાત્મનઃ = ત્યાગી છે આત્મા જેનો એવા, સાધોઃ = સાધુનું, રૂપં = સ્વરૂપ, વસ્તુતઃ = પરમાર્થથી, અનન્તૈઃ = અનંત, ગુણૈઃ = ગુણો વડે, પૂર્ણં = પરિપૂર્ણ, સ્વતઃ = સ્વયં ભાસતે = ભાસે છે.

શ્લોકાર્થ:
વાદળારહિત ચંદ્રની જેમ ત્યાગવંત સાધુનું સ્વરૂપ પરમાર્થથી અનંત ગુણોથી પૂર્ણ સ્વયં ભાસે છે.

ભાવાર્થ:
વાદળા રહિત ચંદ્રનું રૂપ જેમ ચમકે છે તેમ "પરભાવમાં પોતાનાપણું" જેણે માન્યું હતું એવી મોહાંધ માન્યતા જેણે ત્યજી (છોડી) દીધી છે તેવા સાધક આત્માનું રૂપ સ્વયં ગુણાત્મક ભાવથી ચમકે છે - શોભે છે.
આ કારણથી આત્માના સ્વરૂપની બાધકપરિણતિના જે કારણો છે (મિથ્યાત્વ - અસંયમ - પ્રમાદ - કષાયો) તે કારણોનો ત્યાગ કરીને સાધકપરિણતિના જે કારણો છે (સમ્યક્ત્વ - દેશવિરતિ - સર્વવિરતિ - સમ્યગ્જ્ઞાન - ક્ષમા - માર્દવ - આર્જવ વગેરે) તેનું આલંબન લેવું જોઈએ.

આદિ અવસ્થામાં મિથ્યાત્વ દશા ના ત્યાગથી ક્ષાયોપશમિક ભાવના ગુણો સ્વીકારવાના હોય છે. જેથી ચાર થી સાત ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

ક્ષાયોપશમિક ભાવના ગુણો એ આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી. ક્ષાયિક ભાવ પામવા પુરતું જ તેનું આલંબન લીધું છે. અંતે તો તે ગુણોનો પણ ત્યાગ કરવાનો છે. માટે તેને એટલે કે ક્ષાયોપશમિક ભાવના ગુણોની પ્રાપ્તિને 'અપવાદ સાધના' કહેવાય છે. અપવાદ રૂપે આ સાધન લેવા પડ્યા છે.

આ અપવાદ સાધનાનો ત્યાગ કરતો આત્મા આઠ થી બાર ગુણસ્થાનકમાં ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ (ચઢી) ઉત્સર્ગસાધનાને ગ્રહણ કરે છે; અને ધર્મસંન્યાસનામના સામર્થ્યયોગને ગ્રહણ કરે છે. ત્યારબાદ તેરમા-ચૌદમા ગુણસ્થાને ઉત્સર્ગસાધનાનો પણ ત્યાગ કરી (કર્મ તથા શરીરનો પણ ત્યાગ કરી) નિર્મળ-નિષ્કલંક-સર્વથા પરભાવના સંગથી રહિત, સચ્ચિદાનંદમય (પરિપૂર્ણ સમ્યગ્જ્ઞાન ના આનંદથી ભરપૂર) બને છે.

કાર્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી જ સાધન સ્વીકારાય છે. કાર્ય સિદ્ધ થાય એટલે સાધનનો ત્યાગ કરવો પડે છે. તેમ ઉત્સર્ગસાધનાનો પણ ત્યાગ કરે છે. માટે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા આત્માએ પરભાવના ત્યાગનો જ નિરંતર પુરુષાર્થ કરવો જોઈએ.

"ત્યાગ અષ્ટક" નો સાર:

આત્માના શુદ્ધ સ્વરૂપથી જે કોઈ અન્ય પદાર્થ છે
તે '<u>પરપદાર્થ</u>' જ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ સદા સાથે
રહેનાર છે. જેમ સોનાનો ટુકડો કાદવમાં પડી ગયો હોય તો
કાદવમાંથી કાઢીને એનો સાફ કરવામાં આવે કે સોનાના
ટુકડામાં સોના સિવાય કંઈ રહેવું જોઈએ નહિ, તેમ આત્મામાં
આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ વિના બાકીનું બધું <u>પરભાવ</u>
છે માટે ત્યાજ્ય (ત્યાગ કરવા લાયક) છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ (સ્વધર્મ) ઉપાદેય છે અર્થાત્ મેળવવા
જેવું છે. <u>સ્વધર્મ આત્મામાં નથી અને લાવવાનો છે એવો</u>
<u>અર્થ ન કરવો.</u> સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીની
સાધનાથી ભુલાઈ ગયેલા સ્વધર્માત્મક સ્વરૂપનો અનુભવ
કરવાનો છે. જેમ દાગીનાથી ભરેલી તાળું (LOCK) મારેલી
કોઈ પેટી (BOX) હોય અને ચાવી ખોવાઈ ગઈ છે. તેનું
તાળું ખોલીએ અથવા ખોલાવીએ ત્યારે દાગીના મળ્યા કહેવાય,
તેમ આત્મામાં સ્વધર્મ ભરેલા જ છે. સાધના રૂપી ચાવીથી
ખોલીને, કર્મનો કચરો દૂર કરવાનો છે જેથી આત્માનું શુદ્ધ
સ્વરૂપ પ્રગટ થાય.

આત્માના શુદ્ધ સ્વરૂપથી જે કોઈ અન્ય પદાર્થો છે તે
માત્ર સંયોગિક ભાવે જોડાયેલા છે પણ પોતાના નથી. જેમ
એક જ પાટા ઉપર જોડેલા
ટ્રેનમાં મુસાફરી કરતી વખતે સાંયોગિકભાવે જોડાયેલા છે
આપણી સાથે બીજા મુસાફરો કોઈ સ્ટેશને ઉતરી જાય એટલે આપણો
પણ આપણા નથી. તે જ રીતે આત્મામાં પોતાના
પણ ઉતરી જવું આવું નથી. ધન-કંચન-ઘર-પરિવાર-શરીર અને
સ્વરૂપ સિવાય મળેલું ... સાંયોગિકભાવે
પુણ્ય-પાપ રૂપી કર્મો --- આ બધા <u>પરભાવ</u> છે. આમ
જ મળેલા છે. તેનો કાળ સમાપ્ત થતાં જવાવાળા છે.
આત્માના શુદ્ધ સ્વરૂપ વિના કશું જ પોતાનું નથી.

શંકા: જો આત્માના શુદ્ધસ્વરૂપને જ ઉપાદેય કહો છો
અને સર્વેને હેય (છોડવા જેવા) કહો છો તો સુદેવ-સુગુરુ-
અને સુધર્મ જેવા શુભ નિમિત્તો પણ હેય જ કહેવાયને?
આવું કેમ? જરા સમજાવશો?

સમાધાન: તમારો પ્રશ્ન આમ તો બુદ્ધિમાં ઉતરે એવો છે
પણ જરા શાંતિથી સમજવા પ્રયત્ન કરો.
જેમ કાંટો પગમાં ઘુસ્યો હોય તો પીડાકારી છે તેમ કાંટાને
કાઢવા માટે સોય પગમાં નાંખીએ તો પણ પીડાકારી જ છે!
જેટલી પીડા કાંટાના લીધે થઈ તેટલી જ, ઉલટું થોડી વધુ
પીડા સોય નાંખતા હોય છે. તો પણ પગમાં ઘુસી ગયેલા
કાંટાને કાઢવા માટે સોય પગમાં નંખાય છે અને તે સોયનો
બીજો છેડો હાથમાં પકડી રખાય છે, તેથી જેવો કાંટો
નીકળી જાય ત્યારે બીજો છેડાથી સોય કાઢી લેવામાં આવે છે.
હવે જરા સમજો. અનાદિ કાળથી મોહનીય કર્મના ઉદયની
પરાધીનતાના કારણે અશુદ્ધ પરિણતિ (અશુભ ભાવો) ની આ જીવમાં પડેલી છે.
ગ્રહણ કરવાની કાંટાતુલ્ય મનોવૃત્તિ એટલે કે શુભભાવો જરૂરી છે.
તેના નિવારણ માટે "સોય" જ્યાં સુધી શુભભાવો
આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ ન હોય પછી ભાવોનું "પર" છે
રૂપી સાધના જરૂરી છે. પ્રગટ થયા
અને ત્યાગ કરવા જેવું છે.
પગ સાજો ન હોય ત્યાં સુધી જ પકડી રાખવા જરૂરી છે.
તેમ અહીં પણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન હોય ત્યાં
સુધી જ અશુભ ભાવોના નિવારણ માટે શુભભાવો
ગ્રહણ કરવા પડે છે. અંતે તો બધા શુભભાવો છોડવાના જ છે.
સુદેવ-સુગુરુ અને સુધર્મ એ મારું સ્વરૂપ નથી, ફક્ત તેનું
આલંબન મારા સ્વધર્મની પ્રાપ્તિનું કારણ છે. માટે આ
ધર્મોને હું ગ્રહણ કરું છું. આવી ભેદબુદ્ધિ લાવવી જરૂરી છે.